# પાણી પુરવઠો



''પાણી પુરવઠા ક્ષેત્રે
દીર્ઘદૃષ્ટિપૂર્વક આયોજન અને
અમલીકરણ દ્વારા
સફળ ક્રાંતિસર્જક પરિણામ''

પીવાનું સ્વચ્છ પાણી એ જીવનની પ્રાથમિક જરૂરિયાત છે. જીવનની લગભગ દરેક પ્રવૃતિઓ સાથે પાણી સંકળાયેલું છે. પાણીનું પ્રમાણ અને તેની ગુણવત્તા એ લોકોના ભૌતિક અને માનસિક વિકાસ પર ઊંડી અસર કરે છે. રાજ્ય સરકાર પાણીની યોજનાઓ ફક્ત તૈયાર કરવા પૂરતું જ ધ્યાન આપવા નથી માંગતી, પરંતુ જે યોજનાઓ તૈયાર થઇ ગઇ છે તે નિયમિત રીતે ચાલે અને લોકોને નિયત થયેલ ધોરણ મુજબનું શુદ્ધ અને ગુણવત્તાવાળું પાણી મળી રહે તે અંગે પણ સજાગ છે. ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ આ સેવા માટે રચવામાં આવેલ છે. આ બોર્ડ રાજ્યમાં પીવાના પાણી અને ગટર વ્યવસ્થા અંગેની યોજનાઓના આયોજન, અમલીકરણ, સંકલન અને સમીક્ષા અંગેની કામગીરી કરે છે. રાજ્ય સરકારે પીવાના પાણી માટે ગામને નહિ પણ ફળીયાને એકમ તરીકે ગણવાનું નક્કી કર્યું છે. અને દરેક ફળીયા સુધી પીવાનું શુદ્ધ અને સ્વચ્છ પાણી નિયમિત પહોંચાડવા માટે આયોજન કરેલ છે.

ભારત સરકારની સુચના અનુસાર વર્ષ ૨૦૦૩-૦૪માં થયેલ સર્વે મુજબ રાજ્યમાં ૩૪૮૪૫ વસવાટો પૈકી ૧૬૬ પાણીની સુવિધા વગરના અને ૯૪૬૨ પાણીની અંશતઃ સુવિધાવાળા મળી કુલ ૯૬૨૮ વસવાટોને પાણીની સુવિધા બાકી છે. નવેમ્બર-૨૦૦૮ના અંતે કુલ ૬૯૨૪ વસવાટોને આવરી લેવાયા છે. સર્વે મુજબ રાજ્યમાં ૪૧૮૭ વસવાટોમાં વધુ પડતું ફ્લોરાઇડ, ૨૫૦૮ વસવાટોમાં ક્ષાર, ૧૩૩૫ વસવાટોમાં વધુ પડતાં નાઇટ્રેટની અસરવાળા અને ૨૯ વસવાટો અન્ય પાણીની ગુણવત્તાના બગાડવાળા માલુમ પડેલ છે. જે પૈકી ૩૮૪ વસવાટો એક કરતાં ગુણવત્તાના એકમની અસરવાળા હોઇ, કુલ ૭૬૭૫ વસવાટો પાણીની ગુણવત્તાની બગાડવાળા માલુમ પડેલ છે. નવેમ્બર-૨૦૦૮ સુધીમાં આ પૈકીના ૬૫૧૬ વસવાટોને આવરી લેવાયેલા છે.

આદિજાતિ વિસ્તારોમાં ઘણાં વર્ષો સુધી સ્ટેન્ડ પોસ્ટ અથવા હેન્ડ પંપ દ્વારા પીવાના પાણીની સુવિધા પૂરી પાડવામાં આવતી હતી. આ વિસ્તારના તમામ ઘરોને પીવાના પાણીની સુવિધાથી આવરી લેવાનું એક લાંબાગાળાનુ મહત્ત્વકાંક્ષી આયોજન રાજ્ય સરકારે હાથ ધર્યું છે. વર્ષ ૨૦૦૯- ૨૦૧૦માં ૫૦૦ આદિવાસી ફળિયાંને આવરી લેવાનું આયોજન છે. ઉપરાંત, ગ્રામ્ય પાણી પુરવઠા યોજના હેઠળ ૩૦૦ મીની પાઇપ યોજના અને ૨૦૦૦ હેન્ડપંપ આદિવાસી વિસ્તારમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

રાજ્યમાં પાણી પુરવઠા ક્ષેત્રે બે મુખ્ય પ્રશ્નો છે. (૧) ભૂગર્ભજળના સ્રોતોની નિષ્ફળતા અને (૨) ભૂગર્ભજળમાં ધ્યાને આવેલ/વધી રહેલ નબળી ગુણવત્તાના પ્રશ્નો ઘણા વર્ષો સુધી સ્થાનિક સ્રોત આધારિત પીવાના પાણીની યોજના અમલમાં મુકવામાં આવતી હતી. વર્ષ ૨૦૦૧થી આ બાબતમાં આમૂલ પરિવર્તન

લાવીને નર્મદા કેનાલ આધારિત પીવાના પાણીની યોજના બનાવવાનુ નક્કી કરવામાં આવ્યું. તેના પરિણામે રાજ્યમાં એક વોટર ગ્રીડ નિર્માણ કરીને તમામ વિસ્તારમાં ગુણવત્તાયુક્ત અને પૂરતું પાણી મળી રહે તેવો નિર્ધાર રાજ્ય સરકારે કર્યો છે. એક સમયે ગુજરાત, ભારતનું સૌથી વધારે પાણીની તંગીવાળું રાજ્ય હતું. જેમાં વરસાદનું પ્રમાણ અનિયમિત અને અપૂરતું તથા દેશના અન્ય રાજ્યોની સરખામણીમાં ગુજરાતમાં માથાદીઠ વરસાદના પાણીની પ્રાપ્યતા ઓછી છે. ગુજરાતમાં વારંવાર અનાવૃષ્ટિ આવે છે. રાજ્યમાં ખડકાળ અને દરિયાકાંઠા વિસ્તારના કારણે ૭૪ ટકા વિસ્તારનો ભૂગર્ભ જળ ઉપયોગમાં લઈ શકાતું નથી. આ પ્રશ્નોના કાયમી ઉકેલ માટે રાજ્ય સરકાર દ્વારા સપાટી પરના જળસ્ત્રોતોને મુખ્ય આધાર તરીકે ઉપયોગ કરવાની લાંબાગાળાની યોજના બનાવી છે. ગુજરાતના ગામે-ગામ અને ઘરે-ઘરે પીવાનું શુદ્ધ અને પૂરતું પાણી મળી રહે તે સુનિશ્ચિત કરવા માટે રાજ્યના પાણી પૂરવઠા વિભાગ દ્વારા યોજનાઓનું અમલીકરણ કરવામાં આવેલ છે. નર્મદા બંધ, નર્મદા કેનાલ, મહી આધારિત યોજના, ધરોઇ આધરિત યોજના અને અન્ય કેટલીક મહત્ત્વની પાણી પૂરવઠા યોજનાઓ હેઠળ આંતરમાળખાકિય સુવિધાઓ માટે આયોજન કરવામાં આવ્યું છે. આ રાજ્યવ્યાપી પેયજળ સ્ત્રોત સાથે જોડવાનું અમલીકરણ પૂરજોશમાં ચાલી રહ્યું છે. આયોજન હેઠળની તમામ યોજનાઓ પૂર્ણ થતાં રાજ્યની ૭૫ ટકા વસતીને ગ્રીડ સાથે જોડવામાં આવશે.

રાજ્યવ્યાપી ગ્રીડ સ્થાપિત કરવા મુખ્યત્વે નીચેની ત્રણ યોજનાઓ દ્વારા કામગીરી કરવામાં આવી રહેલ છે.

(૧) સરદાર સરોવર કેનાલ આધરિત પ્રાયોજના

(૨) સુજલામ સુફલામ યોજના

(૩) ગ્રામ્ય જૂથ પાણી પુરવઠા યોજનાઓ

**રાજ્યવ્યાપી પેયજળ પુરવઠા ગ્રીડ**



## સરદાર સરોવર કેનાલ આધારિત પાણી પુરવઠા પ્રાયોજના

ગુજરાત સરકારે સરદાર સરોવર નહેર આધારિત પીવાના પાણી પુરવઠા પ્રાયોજનાના અમલની કામગીરી હાથ ધરી છે. જેની કામગીરી ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રકચર કંપની લી. દ્વારા કરવામાં આવે છે. રાજ્ય સરકારે અંદાજીત રૂા. ૯૨૮૪ કરોડ (સુધારેલ)નો માસ્ટર પ્લાન તૈયાર કરી સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાત અને પંચમહાલ જિલ્લાના ૮૨૧૫ ગામો અને ૧૬૫ શહેરોને પીવાના પાણી પુરૂં પાડવા સરદાર સરોવર નહેર આધારિત પીવાના પાણી પુરવઠા પ્રાયોજના શરૂ કરી છે.

હાલમાં ૧૬૯૦ કિલોમીટર બલ્ક પાઇપલાઇન નાખેલ છે. ૨૮૬ કિલોમીટર બલ્ક પાઇપલાઇનના કામો હાથ ઉપર લીધેલ છે. બલ્ક પાઇપલાઇનની સાથે ડીસ્ટ્રીબ્યુશન ગ્રુપના કામો પણ હાથ ઉપર છે. ૫૬ ડીસ્ટ્રીબ્યુશન ગ્રુપ પૂર્ણ થયેલ છે. ૧૭૬૬ ગામો અને ૨૬ શહેરને આવરી લેતા ૨૪ ગ્રુપના કામો પ્રગતિમાં છે. આ માળખાકીય સુવિધાથી ૩૦૩૩ ગામો અને ૭૦ શહેરોને નર્મદાના પાણીની સુવિધાથી આવરી લીધેલ છે. ૩ પેકેજમાં ૫૦૧ કિ. મી. બલ્ક પાઇપલાઇન અને ૫૧૬ ગામો અને ૫ શહેરોને આવરી લેતાં ૧૨ નવા ગ્રુપોના કામો હાથ ઉપર લેવાનું આયોજન છે.

## સુજલામ સુફલામ યોજના

- સુજલામ સુફલામ યોજના હેઠળ રાજ્યના દશ જિલ્લા જેમાં મહેસાણા, સુરેન્દ્રનગર, બનાસકાંઠા, પંચમહાલ, અમદાવાદ, પાટણ, સાબરકાંઠા, કચ્છ, ગાંધીનગર અને દાહોદ જિલ્લાના ૪૯૦૪ ગામો અને ૩૪ શહેરોને અંદાજીત રૂા. ૧૯૪૬.૪૩ કરોડની અંદાજીત કિંમતે ૩૨ યોજનાઓને આવરી લેવાનું આયોજન. જે પૈકી ૯૨૯ ગામો આદિવાસી વિસ્તારના છે.

યોજનાની હાલની સ્થિતિ નીચે મુજબ છે.

- ૨૦૬ કિ.મી. બલ્ક પાઇપલાઇન નાખવામાં આવેલ છે. ૧૭ કિ.મી. બલ્ક પાઇપલાઇનનું કામ પ્રગતિમાં છે.
- ૩૨ યોજનાઓ પૈકી ૧૭ યોજના પૂર્ણ થયેલ, ૧૦ યોજનાનાં કામ હાથ ઉપર લીધેલ છે અને ૯૧૪ ગામોને આવરી લેતાં ૫ યોજનાના કામો હાથ ઉપર લેવાના રહે છે.
- ૨૭૭૦ ગામો અને ૧૯ શહેરોને સુજલામ સુફલામ હેઠળ પાણીની સુવિધાથી આવરી લેવામાં આવેલ છે.

વર્ષ ૨૦૦૯-૧૦માં ૫૦૦ ગામો આવરી લેવાનું આયોજન છે.

## ગ્રામ્ય જૂથ પાણી પુરવઠા યોજનાઓ

રાજ્ય સરકારે, ગ્રામ વિસ્તારોમાં ગ્રામીણ પાણી પુરવઠા યોજનાનું અમલીકરણ લોકો દ્વારા લોક ભાગીદારીથી થાય તેવી વિકેન્દ્રિત વ્યવસ્થા પદ્ધતિ ઉપર ભાર મૂકેલ છે. રાજ્ય સરકારે તા. ૨૩.૩.૨૦૦૧ના

રોજ જળ અને સ્વચ્છતા તંત્ર (વોટર એન્ડ સેનીટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઇઝેશન)ની સ્થાપના કરી છે. લોકોના સક્રિય સહકારથી ગ્રામીણ પાણી પુરવઠા યોજનાઓનું આયોજન, અમલ, સંચાલન અને નિભાવણીના ઉદ્દેશ્ય સાથે વિકેન્દ્રિત વ્યવસ્થા પદ્ધતિ અપનાવવી જરૂરી છે. વાસ્મો દ્વારા નીચેના કાર્યક્રમો લેવામાં આવેલ છે.

- પાણી પુરવઠા યોજનાના અમલીકરણ માટે પાણી સમિતિઓની રચના કરવી.
- લોકો દ્વારા સંચાલિત ગામની આંતરિક પાણી પુરવઠા યોજનાનું વિકેન્દ્રિકરણ અને પંચાયતી રાજ્ય સંસ્થાને શક્તિશાળી બનાવવી.
- ભૂકંપગ્રસ્ત વિસ્તારો માટે પુનઃવસન અને પુનઃસ્થાપન કાર્યક્રમ ( ઇ.આર.આર.)
- સેકટર રીફોર્મ (રાજ્ય) ભારત સરકાર સહાયિત સેકટર રીફોર્મ પાઇલોટ પ્રોજેકટ અને સ્વજલધારા કાર્યક્રમની સફળતાને ધ્યાને લઇને સેકટર રીફોર્મ (રાજ્ય) કાર્યક્રમ અમલમાં મૂક્યો.

રાજ્યમાં ૧૩૫૪૨ ગામો પોતાના પીવાના પાણીની જરૂરિયાતની સંભાળ પોતાની પાણી સમિતિ દ્વારા હાથ ધરાય છે. ગ્રામ કક્ષાએ પાણીની ગુણવત્તા સુનિશ્ચિત કરવા તથા તેનું મોનીટરીંગ કરવા ૧૩૯૮૪ જળ ગુણવત્તા ટુકડીની રચના કરવામાં આવી છે અને ૧૩૯૦૪ જળ ગુણવત્તા ચકાસણી કીટનું વિતરણ કરવામાં આવેલ છે. રાજ્યમાં એક નવતર અભિગમ મુજબ છત પરથી વરસાદી પાણીનો સીધો સંગ્રહ કરવાની અપરંપરાગત કામગીરી મારફતે પાણીની મુશ્કેલી ધરાવતા વિસ્તારોમાં પીવાના પાણીની સમસ્યાના ઉકેલ માટે અનેરી કામગીરી કરવામાં આવી રહેલ છે.

૨૩ જુન, ૨૦૦૯ના રોજ વાસ્મો (WASMO)ને પીવાના પાણી સંબંધિત કાર્યક્રમમાં અસરકારક રીતે જનસમુદાયને સાંકળવાની અને ગામમાં પાણી પૂરવઠા તથા વપરાશકારના સ્તરે પાણી ગુણવત્તા ચકાસણી કાર્યક્રમ હાથ ધરવાની નવતર પહેલ બદલ પ્રશંસનિય કામગીરી માટે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા પ્રતિષ્ઠિત યુનાઇટેડ નેશન્સ પબ્લિક સર્વિસ એવોર્ડ-૨૦૦૯ મળેલ છે.

## સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના

ગુજરાત રાજ્યમાં ૧૩ જિલ્લાઓના ૩૮ તાલુકાઓને આવરી લેતી ૧૬૦૦ કિ.મી. લાંબી દરિયાઇ પટ્ટી છે. ઉપરાંતમાં કચ્છના નાના અને મોટા રણમાં વર્ષના ૩-૪ મહીના સુધી ખારા પાણી ભરાયેલા રહે છે. આને લીધે અને સવિશેષ ભૂભૌતિક પરિસ્થિતિને લીધે સાગરકાંઠા વિસ્તારના ઘણા ખારા વિસ્તારોમાં ખારા પાણીની સમસ્યા ઉદ્‌ભવે છે. આમ દરીયાકાંઠા વિસ્તારમાં પીવાના પાણીની ઉપલબ્ધતા એક પડકાર છે. વળી અમુક વિસ્તારોમાં અન્ય કારણોસર જેવા કે ફ્લોરાઇડ વિગેરે તત્ત્વોને લીધે પણ પીવાલાયક પાણી સરળતાથી ઉપલબ્ધ થતું નથી. આવા પડકારને પહોંચી વળવા રાજ્યના પાણી પુરવઠા વિભાગે લાંબા ગાળાના ઉપાય સ્વરૂપે દુરના અંતરથી ટકાઉ સ્તરસ્તોત્રો આધારિત પાણી પુરવઠા યોજનાઓ કાર્યાન્વિત કરવા આયોજન કર્યું છે. અને ઘણા ખરા ગામોમાં પીવાના પાણીની સમસ્યાથી છુટકારો મેળવેલ છે. કાંઠા વિસ્તારની પીવાના પાણીની યોજનાઓના સ્તોત્રોના ટકાઉપણા માટે પાણી પુરવઠા વિભાગ અગ્રતાથી કામગીરી હાથ ધરી રહ્યો છે.

## વનબંધુ કલ્યાણ યોજના

રાજ્યમાં કુલ આદિજાતિ લોકોની વસ્તી રાજ્યની વસ્તીના આશરે ૧૫ ટકા જેટલી છે. મોટા ભાગનો આદિજાતિ વિસ્તાર ૪૩ તાલુકા, ૧૫ પોકેટ અને ૪ કલસ્ટર આદિજાતિ વિસ્તાર ડુંગરાળ અને ખડકાળ અને જંગલ વિસ્તારમાં આવેલ હોઈ પાણી પુરવઠો પુરો પાડવો એ પડકાર રૂપ છે. ગુજરાત સરકારે અનુસૂચિત જન જાતિના વિકાસ માટે એક મહત્ત્વનો કાર્યક્રમ-વનબંધુ કલ્યાણ યોજના અમલમાં મૂકેલ છે.

આદિજાતિ વિસ્તારમાં જ્યાં સ્વતંત્ર પાણી પુરવઠા યોજનાના સોર્સ શક્ય નથી ત્યાં જુથ પાણી પુરવઠા યોજનાનું આયોજન કરવામાં આવે છે. તેમજ આદિજાતિ વિસ્તારની શાળાઓમાં પાણીની સુવિધાનો સમાવેશ કરવામાં આવે છે. લોક ભાગીદારીથી ગામની અંદરની વિતરણ વ્યવસ્થા, આઇ. ઇ.સી., એચ. આર. ડી, પાણીની ગુણવત્તા નિયમન અને દેખરેખ, પાણીની ચકાસણી માટે ફીલ્ડ ટેસ્ટ કીટ આપવાનું, મીની પાઇપ યોજના (૧૬૫ મીમી વ્યાસનો બોર કરી સીંગલ ફેઝ પાવર પંપ વાળી યોજના) વરસાદી પાણીના ટાંકા, વરસાદી પાણીના સંચય માટે ઘટકો કરવામાં આવે છે. પાણીની મુશ્કેલીવાળા પીસી કક્ષાના ગામો, ગુણવત્તાની મુશ્કેલીવાળા કયુ.પી. કક્ષાવાળા ફળિયાઓ તેમજ ઘર કનેકશન દ્વારા પીવાના પાણીની સુવિધા વનબંધુ કલ્યાણ યોજના હેઠળ કરવામાં આવશે.

## માહિતી, શિક્ષણ અને લોકજાગૃતિ માટેની ઝુંબેશ

આમ તો પાણી એ જીવનનું અમૃત કહેવાય છે, પરંતુ જો તેની પૂરતી સાચવણી ન થાય તો તે અનેક રોગોનું ઘર બની શકે છે. વિશ્વ આરોગ્ય સંસ્થાના તારણ મુજબ અસ્વચ્છ અને અપૂરતા પાણીથી ઘણી બિમારીઓ ફેલાય છે. વિકાસશીલ દેશોમાં ૮૦ ટકા બિમારીઓ પાણીજન્ય હોય છે. પાણી પ્રદુષિત થવાના ઘણાં કારણો હોઈ શકે અને તે માટે લોકો જાણે અજાણે જવાબદાર હોઇ છે. ઉપરાંત દુકાળના વર્ષોમાં પાણીની કારમી અછત વરતાય છે. આથી તેનો કરકસરયુકત ઉપયોગ અને તેનો બગાડ અટકાવાય તેવી સમજણ કેળવાય તથા તેનું મુલ્ય સમજાય તેવા પ્રયત્નો કરવા ખાસ જરૂરી છે તથા આપણા કુટુંબના/સમાજના/રાજ્યના આરોગ્ય માટે દરેકે સજાગ અને સભાન થવાની જરૂર છે. રાજ્ય સરકાર દ્વારા જુદા જુદા માધ્યમો મારફતે પીવાના પાણીની શુદ્ધતા, ગુણવત્તા, સ્વચ્છતા, જળસંરક્ષણ વગેરે બાબતોને આવરી લેતી લોકજાગૃતિ ઝુંબેશ ચાલુ કરવામાં આવેલ છે. જેમાં ગામ સ્તરે મિટિંગો યોજી, ગ્રામસભાઓ કરી, લોક-ડાયરા, નાટકો વગેરે મારફતે શુદ્ધ પાણી અને સ્વચ્છતાથી થતાં લાભો, અશુદ્ધ પાણીથી થતી બીમારીઓ વગેરે બાબતોથી લોકોને માહિતગાર કરવામાં આવે છે અને પાણી શુદ્ધિકરણ માટેની પદ્ધતિઓ તેમજ પાણીની ગુણવત્તા બાબતે જાણકારી આપવામાં આવે છે.